એકમ ૪ : વધુ હાડમારી

એકમનું આયોજન

૪.૧ એકમના હેતુઓ
૪.૨ પ્રસ્તાવના
૪.૩ કૃતિ
૪.૪ કૃતિનો સારાંશ
૪.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
૪.૫.૧ ખંડ:૧ (સ્વાધ્યાય:૧)
૪.૫.૨ ખંડ:૨ (સ્વાધ્યાય:૨)
૪.૫.૩ ખંડ:૩ (સ્વાધ્યાય:૩)
૪.૬ વસ્તુલક્ષી કસોટી (સ્વાધ્યાય:૪)
૪.૭ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ (સ્વાધ્યાય:૫, ૬, ૭, ૮, ૯)
૪.૮ પુનરવલોકન (સ્વાધ્યાય:૧૦)
૪.૯ લેખનકાર્ય (સ્વાધ્યાય:૧૧)
૪.૧૦ વિશેષ અધ્યયન
૪.૧૦.૧ કર્તા-પરિચય
૪.૧૦.૨ સ્વરૂપ-પરિચય
૪.૧૦.૩ વિશેષ વાચન
☐ ટિપ્પણ

૪.૧ એકમના હેતુઓ

આ પાઠના અભ્યાસ દ્વારા તમે —

- આત્મચરિત્રના સાહિત્યસ્વરૂપનો પરિચય મેળવશો. વાર્તા કે નવલકથા કરતાં આત્મચરિત્રનું સ્વરૂપ કઈ રીતે જુદું પડે છે તે વિશે પણ તમે કંઈક કહી શકશો.
- ગાંધીજીના આત્મચરિત્ર 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' વિશે જાણશો.
- અધ્યયન માટે પસંદ કરવામાં આવેલા પ્રકરણ 'વધુ હાડમારી'ની પૂર્વભૂમિકા જાણી ગાંધીજીના દક્ષિણ આફ્રિકામાંના આગમન પાછળનાં કારણો તમે જણાવી શકશો.
- હિન્દીઓએ દક્ષિણ આફ્રિકામાં વેઠેલાં અપમાનો વિશે જાણશો અને ગોરાઓ દ્વારા થતાં અપમાનો પરત્વે ત્યાંના અન્ય હિન્દીઓથી ગાંધીજીનું વલણ કઈ રીતે જુદું પડતું હતું તે બતાવી શકશો.
- 'વધુ હાડમારી'માં પ્રગટતા ગાંધીજીના વ્યક્તિત્વને સમજશો, તથા સત્ય અને ન્યાયપૂર્ણ અધિકાર માટેના ગાંધીજીના આગ્રહનું દૃષ્ટાંત આપી શકશો.
- રંગદ્વેષ અને સત્યાગ્રહની વિભાવના સમજશો તથા અહીં રજૂ થયેલ તેનું સ્વરૂપ વર્ણવી શકશો.
- રંગદ્વેષને મળતી આવતી ભારતની અસ્પૃશ્યતાની પ્રથા પણ કઈ રીતે અન્યાયપૂર્ણ છે તેની ચર્ચા કરી શકશો.
- સાદી બોલચાલની ભાષાના ઉપયોગ દ્વારા અસરકારક રીતે લખવાની ગાંધીજીની શૈલીથી પરિચિત થશો.

૪.૨ પ્રસ્તાવના

તમને જવાહરલાલ નેહરુના વ્યાખ્યાન દ્વારા તેમ જ 'દાંડીકૂચ' નિબંધ દ્વારા ગાંધીજીનો કેટલોક પરિચય થયો છે. ગાંધીજી જે સદ્‌ગુણોને કારણે મહાન થયા તે સદ્‌ગુણો કયા તેનો અંદાજ મેળવવા તો તમારે તેમની 'આત્મકથા'માં જ ડોકિયું કરવું રહ્યું. અત્રે તેમની 'આત્મકથા'માંનો એક અંશ રજૂ કર્યો છે.

આ પાઠ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માંથી લેવામાં આવ્યો છે. વિલાયત જઈ બૅરિસ્ટર થઈ ગાંધીજી ૧૮૯૧માં હિંદુસ્તાન પાછા ફર્યા. તેમના મોટાભાઈએ, તેઓ બૅરિસ્ટર થઈને આવ્યા હોવાથી ખૂબ કમાણી કરશે, એવી આશા બાંધેલી. ગાંધીજીએ મુંબઈમાં અને રાજકોટમાં વકીલાત કરવાનો પ્રયાસ કર્યો પણ એમાં સફળ થયા નહિ. દરમ્યાન પોરબંદરની એક મેમણ પેઢી તરફથી, આફ્રિકામાંની તેમની પેઢીનો એક કેસ ચાલતો હતો તેમાં મદદ કરવાને માટે ગાંધીજીને દક્ષિણ આફ્રિકા મોકલવાની દરખાસ્ત આવી. ભાઈને આર્થિક મદદ કરી શકાશે અને નવો મુલક જોવા મળશે એ ગણતરીએ ગાંધીજી ત્યાં જવા તૈયાર થયા. દક્ષિણ આફ્રિકામાં પ્રથમ નાતાલ પ્રાન્તના ડરબન શહેરમાં ગાંધીજી છ-સાત દિવસ પેઢીના માલિક શેઠ અબદુલ્લા પાસે રહ્યા ; પણ પછી કેસ પ્રિટોરિયામાં ચાલવાનો હોવાથી પ્રિટોરિયા જવા રવાના થયા. દક્ષિણ આફ્રિકામાં આજે છે તેવો ત્યારે પણ કાળાગોરાનો ભેદભાવ હતો. હિંદુસ્તાનના લોકોને આથી ઘણાં અપમાનો વેઠવાં પડતાં. ગાંધીજીને પણ ડરબનથી પ્રિટોરિયા સુધીની એમની મુસાફરીમાં રંગભેદની નીતિને કારણે એક કરતાં વધુ વખત અન્યાયનો સામનો કરવો પડ્યો. ડરબનથી ચાર્લ્સટાઉન પહોંચે તે પહેલાં રેલવેના પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં એમને ડબ્બામાંથી બહાર કાઢવામાં આવ્યા. ગાંધીજીએ એક સત્યાગ્રહીને છાજે એ રીતે આ અન્યાયનો સામનો કર્યો અને સ્વમાનને ભોગે સફર કરવાનો ઇન્કાર કર્યો.

આગળ ચાર્લ્સ ટાઉનથી પ્રિટોરિયા જતાં પણ રંગદ્વેષને કારણે ગાંધીજીને કેવા અનુભવ થયા તથા દરેક પ્રસંગે તેઓ ન્યાય અને સ્વમાનની ભાવનાને કેવા વળગી રહ્યા તે આ પાઠમાં આપણને જોવા મળે છે.

૪.૩ કૃતિ

વધુ હાડમારી

ચાર્લ્સટાઉન ટ્રેન સવારે પહોંચે. ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ સુધી પહોંચવાને સારુ તે કાળે ટ્રેન ન હતી પણ ઘોડાની સિગરામ હતી, અને વચમાં સ્ટૅંડરટનમાં એક રાત રહેવાનું હતું. મારી પાસે સિગરામની ટિકિટ હતી. એ ટિકિટ કાંઈ હું એક દિવસ મોડો પહોંચ્યો તેથી રદ થતી નહોતી. વળી અબદુલ્લા શેઠે ચાર્લ્સટાઉન સિગરામવાળા ઉપર તાર પણ મોકલાવ્યો હતો. પણ એને તો બહાનું જ કાઢવું હતું તેથી મને કેવળ અજાણ્યો જાણી કહ્યું, 'તમારી ટિકિટ તો રદ થઈ છે.' મેં યોગ્ય જવાબ આપ્યો. ટિકિટ રદ થઈ છે એમ મને કહેવાનું કારણ તો જુદું જ હતું. ઉતારુઓ બધા સિગરામની અંદર જ બેસે. પણ હું તો 'કુલી' ગણાઉં, અજાણ્યો લાગું, તેથી મને ગોરા ઉતારુઓની પાસે બેસાડવો ન પડે તો સારું, એવી સિગરામવાળાની દાનત. સિગરામની બહાર એટલે હાંકનારને પડખે ડાબી અને જમણી બાજુએ એમ બે બેઠકો હતી. તેમાંની એક બેઠક ઉપર સિગરામની કંપનીનો એક મુખી ગોરો બેસતો. એ અંદર બેઠો અને મને હાંકનારની પડખે બેસાડ્યો. હું સમજી ગયો કે આ કેવળ અન્યાય જ છે, અપમાન છે. પણ મેં એ અપમાનને પી જવું યોગ્ય ધાર્યું. મારાથી બળજોરી કરીને અંદર બેસી શકાય એવું તો હતું જ નહીં. હું તકરારમાં ઊતરું તો સિગરામ જાય અને વળી મારે એક દિવસની ખોટી થાય ; ને બીજે દિવસે વળી શું થાય એ તો દૈવ જાણે. એટલે હું ડાહ્યો થઈને બહાર બેસી ગયો. મનમાં તો ખૂબ કોચવાયો.

ત્રણેક વાગ્યે સિગરામ પારડીકોપ પહોંચ્યો. હવે પેલા ગોરા મુખીને હું જ્યાં બેઠો હતો ત્યાં બેસવાની ઇચ્છા થઈ. તેને બીડી પીવી હતી. જરા હવા પણ ખાવી હશે. એટલે એણે એક મેલુંસરખું ગૂણિયું પડ્યું હતું તે પેલા હાંકનારની પાસેથી લઈ પગ રાખવાના પાટિયા ઉપર પાથર્યું ને મને કહ્યું, 'સામી, તું અહીયાં બેસ, મારે હાંકનારની પાસે બેસવું છે.' આ અપમાન સહન કરવા હું અસમર્થ હતો. તેથી મેં બીતાં બીતાં તેને કહ્યું, 'તમે મને અહીં બેસાડ્યો, એ અપમાન મેં સહન કરી લીધું ; મારી જગ્યા તો અંદર બેસવાની, પણ તમે અંદર બેસીને મને અહીં બેસાડ્યો ; હવે તમને બહાર બેસવાની ઇચ્છા થઈ છે અને બીડી પીવી છે, તેથી તમે મને તમારા પગ આગળ બેસાડવા ઇચ્છો છો. હું અંદર જવા તૈયાર છું, પણ હું તમારા પગની પાસે બેસવા તૈયાર નથી.'

આટલું હું માંડ કહી રહું તેટલામાં તો મારા ઉપર તમાચાનો વરસાદ વરસ્યો અને પેલાએ મારું બાવડું ઝાલીને મને નીચે ઘસડવા માંડ્યો. મેં બેઠકની પાસેના પિત્તળના સળિયા હતા તે ઝોડની જેમ પકડી રાખ્યા અને કાંડું ખડે તોયે સળિયા નથી છોડવા એમ નિશ્ચય કર્યો. મારા ઉપર વીતી રહી હતી તે પેલા ઉતારુઓ જોઈ રહ્યા હતા. પેલો મને ગાળો કાઢી રહ્યો હતો, ખેંચી રહ્યો હતો ને મારી પણ રહ્યો હતો અને હું ચૂપ હતો. પેલો બળવાન ને હું બળહીન. ઉતારુઓમાંના કેટલાકને દયા આવી

અને તેઓમાંના કોઈ બોલી ઊઠ્યા : 'અલ્યા એ, એ બિચારાને ત્યાં બેસવા દે ; તેને નકામો માર નહિ. તેની વાત સાચી છે. ત્યાં નહીં તો તેને અમારી પાસે અંદર બેસવા દે.' પેલો બોલી ઊઠ્યો : 'કદી નહીં.' પણ જરા ભોંઠો પડ્યો ખરો, તેથી મને તેણે મારવાનું બંધ કર્યું. મારું બાવડું છોડ્યું. બેચાર ગાળો તો વધારે દીધી, પણ એક હૉન્ટેટૉટ નોકર પેલી બાજુએ હતો તેને પોતાના પગ આગળ બેસાડ્યો અને પોતે બહાર બેઠો. ઉતારુઓ અંદર બેઠા. સીટી વાગી. સિગરામ ચાલ્યો. મારી છાતી તો થડકતી જ હતી. હું જીવતો મુકામે પહોંચીશ કે નહીં એ વિશે મને શક હતો. પેલો મારી સામે ડોળા કાઢ્યા જ કરે. આંગળી બતાવી બબડ્યાં કરે : 'યાદ રાખ, સ્ટૅંડરટન પહોંચવા દે, પછી તને ખબર પાડીશ.' હું તો મૂંગો જ રહ્યો અને મારી વહાર કરવા પ્રભુને અરજી કરતો રહ્યો.

રાત પડી. સ્ટૅંડરટન પહોંચ્યા. કેટલાક હિંદી ચહેરા જોયા. મને કંઈક શાંતિ વળી. નીચે ઊતરતાં જ હિંદીઓએ કહ્યું : 'અમે તમને ઈસા શેઠની દુકાને લઈ જવાને જ ઊભા છીએ. અમારા ઉપર દાદા અબદુલ્લાનો તાર છે.' હું બહુ રાજી થયો. તેમની સાથે શેઠ ઈસા હાજી સુમારની દુકાને ગયો. મારી આસપાસ શેઠ અને તેમના વાણોતરો વીંટળાઈ વળ્યા. મારા ઉપર જે વીતી હતી તેની વાત કરી. તેઓ બહુ દિલગીર થયા અને પોતાના કડવા અનુભવો વર્ણવી મને આશ્વાસન આપ્યું. મારે તો સિગરામ કંપનીના એજંટને મારા ઉપર વીતેલી જણાવવી હતી. મેં એજંટ ઉપર ચિઠ્ઠી લખી, પેલા માણસે ધમકી આપી હતી તે પણ જણાવ્યું, અને સવારે આગળ મુસાફરી થાય ત્યારે મને અંદર બીજા ઉતારુઓને પડખે જગ્યા મળે એવી ખાતરીની માગણી કરી. ચિઠ્ઠી એજંટને મોકલી. એજંટે મને સંદેશો મોકલ્યો : 'સ્ટૅંડરટનથી મોટો સિગરામ હોય છે અને હાંકનારા વગેરે બદલાય છે. જેની સામે તમે ફરિયાદ કરી છે તે માણસ આવતી કાલે નહીં હોય. તમને બીજા ઉતારુઓની પડખે જ જગ્યા મળશે.' આ સંદેશાથી મને કંઈક નિરાંત વળી. પેલા મારનારની ઉપર કાંઈ પણ કામ ચલાવવાનો વિચાર તો મેં કર્યો જ ન હતો, એટલે આ મારનું પ્રકરણ અહીં જ બંધ રહ્યું. સવારે મને ઈસા શેઠના માણસો સિગરામ પર લઈ ગયા. મને યોગ્ય જગ્યા મળી. કોઈ જાતની હાલાકી વિના તે રાત્રે જોહાનિસબર્ગ પહોંચ્યો.

સ્ટૅંડરટન નાનકડું ગામ. જોહાનિસબર્ગ વિશાળ શહેર. ત્યાં પણ અબદુલ્લા શેઠે તાર તો કર્યો જ હતો. મને મહમદ કાસમ કમરુદ્દીનની દુકાનનું નામઠામ પણ આપ્યાં હતાં. તેમનો માણસ જ્યાં સિગરામ ઊભો રહેતો હતો ત્યાં આવેલ પણ ન મેં તેને જોયો, ન માણસ મને ઓળખી શક્યો. મેં હોટેલમાં જવાનો વિચાર કર્યો. બેચાર હોટેલનાં નામ જાણી લીધાં હતાં. ગાડી કરી. ગ્રેન્ડ નેશનલ હોટેલમાં હાંકી જવા તેને કહ્યું. ત્યાં પહોંચતાં મૅનેજરની પાસે ગયો. જગ્યા માગી. મૅનેજરે ક્ષણવાર મને નિહાળ્યો. વિવેકની ભાષા વાપરી. 'હું દિલગીર છું, બધી કોટડીઓ ભરાઈ ગઈ છે,' આમ કહી મને વિદાય કર્યો ! એટલે મેં ગાડીવાળાને મહમદ કાસમ કમરુદ્દીનની દુકાને હાંકી જવાને કહ્યું. ત્યાં તો અબદુલ ગની શેઠ મારી રાહ જ જોઈ રહ્યા હતા ; તેમણે મને વધાવી લીધો. હોટેલમાં મારા ઉપર વીતેલીની વાત તેમને કહી બતાવી. તેઓ ખડખડ હસી પડ્યા. 'હોટેલમાં તે વળી આપણને ઊતરવા દે કે ?'

મેં પૂછ્યું : 'કેમ નહીં ?'

'એ તો જ્યારે તમે થોડા દિવસ રહેશો ત્યારે જાણશો. આ દેશમાં તો અમે જ રહી શકીએ, કારણ અમારે પૈસા કમાવા છે. એટલે ઘણાંય અપમાનો સહન કરીએ છીએ, અને પડ્યા છીએ.' એમ કહી તેમણે ટ્રાંસવાલમાં પડતાં દુઃખોનો ઇતિહાસ કહી સંભળાવ્યો.

આ અબદુલ ગની શેઠનો પરિચય આપણે આગળ જતાં વધારે કરવો પડશે. તેમણે કહ્યું, 'આ મુલક તમારા જેવાને સારુ નથી. જુઓની, તમારે કાલે પ્રિટોરિયા જવું છે. તેમાં તમ ને તો ત્રીજા વર્ગમાં જ જગ્યા મળશે. ટ્રાંસવાલમાં નાતાલ કરતાં વધારે દુઃખ. અહીં આપણા લોકોને પહેલા કે બીજા વર્ગમાં ટિકિટ આપતા જ નથી.'

મેં કહ્યું, 'તમે એનો પૂરો પ્રયત્ન નહીં કર્યો હોય.'

અબદુલ ગની શેઠ બોલ્યા, 'અમે કાગળવહેવાર તો ચલાવ્યો છે, પણ આપણા માણસો ઘણા પહેલા-બીજા વર્ગમાં બેસવા ઇચ્છે પણ શાના ?'

મેં રેલવેના કાયદા માગ્યા. તે જોયા. તેમાં બારી હતી. ટ્રાંસવાલના અસલી કાયદાઓ બારીકીથી નહોતા ઘડાતા. રેલવેના ધારાનું તો પૂછવું જ શું હોય ?

મેં શેઠને કહ્યું, 'હું તો ફર્સ્ટ ક્લાસમાં જ જઈશ, અને તેમ નહીં જવાય તો પ્રિટોરિયા અહીંથી સાડત્રીસ જ માઈલ છે. ત્યાં હું ઘોડાગાડી કરીને જઈશ.'

અબદુલ ગની શેઠે તેમાં થતા ખર્ચ અને લાગતા વખત તરફ મારું ધ્યાન ખેંચ્યું, પણ મારી સૂચનાને અનુકૂળ થયા, અને સ્ટેશનમાસ્તર ઉપર ચિઠ્ઠી મોકલી. ચિઠ્ઠીમાં હું બૅરિસ્ટર છું એમ તેને

જણાવ્યું, હંમેશાં પહેલા વર્ગમાં જ મુસાફરી કરું છું એમ પણ જણાવ્યું, પ્રિટોરિયા તુરત પહોંચવાની આવશ્યકતા તરફ તેનું ધ્યાન ખેંચ્યું, અને તેને લખ્યું કે તેના જવાબની રાહ જોવા જેટલો મને વખત નહીં રહે તેથી એ ચિઠ્ઠીનો જવાબ લેવા હું પંડે જ સ્ટેશન ઉપર પહોંચીશ અને પહેલા વર્ગની ટિકિટ મેળવવાની આશા રાખીશ. આમાં મારા મનમાં થોડોક પેચ હતો. મેં એમ ધાર્યું હતું કે સ્ટેશનમાસ્તર લેખિતવાર જવાબ તો 'ના'નો જ આપશે. વળી 'કુલી' બૅરિસ્ટર કોણ જાણે કેવાયે રહેતા હશે એ પણ એ કાંઈ વિચારી ન શકે. તેથી હું અણિશુદ્ધ અંગ્રેજી પોશાકમાં તેની સામે જઈ ઊભો રહીશ, અને તેની સાથે વાતો કરીશ એટલે સમજી જઈ તે કદાચ મને ટિકિટ આપશે. તેથી હું ફ્રૉકકોટ, નેકટાઇ વગેરે ચડાવીને સ્ટેશને પહોંચ્યો. માસ્તરની સામે ગીની કાઢીને મૂકી અને પહેલા વર્ગની ટિકિટ માગી.

તેણે કહ્યું, 'તમે જ મને ચિઠ્ઠી લખી છે કે ?'

મેં કહ્યું, 'એ જ હું. મને તમે ટિકિટ આપશો તો હું આભારી થઈશ. મારે પ્રિટોરિયા આજે પહોંચવું જોઈએ.'

સ્ટેશનમાસ્તર હસ્યો. તેને દયા આવી. તે બોલ્યો, 'હું ટ્રાંસવાલર નથી. હું હોલૅંડર છું. તમારી લાગણી સમજી શકું છું. તમારા તરફ મારી દિલસોજી છે. હું તમને ટિકિટ આપવા ઇચ્છું છું. પણ એક શરતે — જો તમને રસ્તામાં ગાર્ડ ઉતારી પાડે અને ત્રીજા વર્ગમાં બેસાડે તો તમારે મને સંડોવવો નહીં, એટલે કે તમારે રેલવે ઉપર દાવો ન કરવો. હું ઇચ્છું છું કે તમારી મુસાફરી નિર્વિઘ્ને પાર ઊતરો. તમે સજ્જન છો એમ હું જોઈ શકું છું.' આમ કહી તેણે ટિકિટ કાપી. મેં તેનો ઉપકાર માન્યો અને તેને નિશ્ચિંત કર્યો. અબદુલ ગની શેઠ વળાવવા આવ્યા હતા. આ કૌતુક જોઈ તેઓ રાજી થયા, આશ્ચર્ય પામ્યા, પણ મને ચેતવ્યો : 'પ્રિટોરિયા સાંગોપાંગ પહોંચો એટલે પત્યું. મને ધાસ્તી છે કે ગાર્ડ તમને પહેલા વર્ગમાં સુખે બેસવા નહીં દે, અને ગાર્ડ બેસવા દેશે તો ઉતારુઓ નહીં બેસવા દે.

હું તો પહેલા વર્ગના ડબામાં બેઠો. ટ્રેન ચાલી. જર્મિસ્ટન પહોંચી ત્યાં ગાર્ડ ટિકિટ તપાસવા નીકળ્યો. મને જોઈને જ ચિડાયો. આંગળી વતી ઇશારો કરીને કહ્યું : 'ત્રીજા વર્ગમાં જા.' મેં મારી પહેલા વર્ગની ટિકિટ બતાવી. તેણે કહ્યું, 'તેનું કંઈ નહીં; જા ત્રીજા વર્ગમાં.'

આ ડબામાં એક જ અંગ્રેજ ઉતારુ હતો. તેણે પેલા ગાર્ડને ધમકાવ્યો : 'તું આ ગૃહસ્થને કેમ પજવે છે ? તું જોતો નથી કે એની પાસે પહેલા વર્ગની ટિકિટ છે ? મને તેના બેસવાથી જરાયે અડચણ નથી.' એમ કહીને તેણે મારી સામું જોયું અને તેણે કહ્યું : 'તમે તારે નિરાંતે બેઠા રહો.'

ગાર્ડ બબડ્યો : 'તમારે કુલીની જોડે બેસવું હોય તો મારે શું ?' એમ કહીને ચાલતો થયો.

રાતના આઠેક વાગ્યે ટ્રેન પ્રિટોરિયા પહોંચી.

૪.૪ કૃતિનો સારાંશ

ચાર્લ્સટાઉન-પ્રિટોરિયા જવા માટે પહેલાં જોહાનિસબર્ગ સુધીની મુસાફરી સિગરામ દ્વારા કરવી પડતી. ગાંધીજી પાસે સિગરામની ટિકિટ હતી છતાં સિગરામવાળાએ તેમને અનિચ્છાએ બેસવા દીધા અને તે પણ બહાર, સિગરામ ચલાવનારની પાસે. એય જાણે ઓછું હોય તેમ સિગરામ કંપનીના મુખીને જ્યારે બહાર બેસવાની ઇચ્છા થઈ ત્યારે ગાંધીજીને પગ રાખવાના પાટિયા પર બેસવાનું કહેવામાં આવ્યું. ગાંધીજી આ અન્યાયને તાબે થયા નહીં. નિર્બળ શરીર છતાં જોરથી સળિયા પકડી રાખીને તેમણે માર સહન કર્યો પણ તેઓ અન્યાયને વશ ન થયા. સ્ટૅંડરટન પહોંચ્યા. કેટલાક હિંદી વેપારીઓને મળ્યા. સિગરામના એજન્ટને ચિઠ્ઠી લખી આગળની મુસાફરીમાં પોતાને કોઈ હરકત કરવામાં ન આવે તેની ખાતરી માગી અને એ રીતે જોહાનિસબર્ગ પહોંચ્યા. જોહાનિસબર્ગમાં પોતાને લેવા કોઈ આવ્યું નથી એમ માની હોટેલમાં રહેવાનું નક્કી કર્યું, પણ હોટેલના મૅનેજરે જગ્યા ન હોવાનું બહાનું બતાવી ગોરાઓ સાથે ગાંધીજીને રહેવા ન દીધા. છેવટે જેમનું નામઠામ લઈને નીકળેલા તે અબદુલ ગની શેઠને ત્યાં પહોંચ્યા. બાકીની પ્રિટોરિયા સુધીની ટ્રેનની મુસાફરી પોતે પહેલા વર્ગમાં જ કરવા માગે છે એમ જણાવ્યું. અબ્દુલ ગની શેઠને આ મુશ્કેલ લાગતું હતું છતાં સ્ટેશનમાસ્તર પર ચિઠ્ઠી મોકલવાની વ્યવસ્થા કરી, અને સ્ટેશનમાસ્તર, જે હોલૅન્ડના હતા, તેમણે બીજે દિવસે સવારે ગાંધીજી જ્યારે સ્ટેશને ગયા ત્યારે, ગાંધીજીની લાગણીને સમજીને તેમને પ્રથમ વર્ગની ટિકિટ આપી. જોકે રસ્તામાં ગાર્ડ તેમને પ્રથમ વર્ગમાંથી ઉતારી પાડે તો પોતાની એટલે કે રેલવેતંત્રની સંડોવણી કરવી નહીં એવી શરત મૂકી. ગાંધીજીએ એ શરત સ્વીકારી. તેઓ પ્રિટોરિયા

જવા માટે ટ્રેનના પ્રથમ વર્ગના ડબ્બામાં બેઠા. ધાર્યું હતું એમ ટિકિટ તપાસવા આવેલ ગાર્ડે ઇશારો કરી તેમને ત્રીજા વર્ગના ડબ્બામાં જવા કહ્યું. ગાંધીજીએ ઇનકાર કર્યો અને છેવટે ડબ્બામાંનો બીજો એક અંગ્રેજ મુસાફર તેમની વહારે આવવાથી તેઓ પ્રથમ વર્ગમાં મુસાફરી કરી શક્યા.

૪.૫ ક્રિયાત્મક સઘન અધ્યયન

૪.૫.૧ ખંડ : ૧

સિગરામમાં થયેલો અનુભવ

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની મુસાફરીની વાત આજથી લગભગ સોએક વર્ષ પહેલાંની છે. એ સમયે ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ પહોંચવાને સારુ ટ્રેન નહોતી, પણ ઘોડાનો સિગરામ હતો. ગાંધીજી પાસે સિગરામની ટિકિટ હતી. જોકે તેમને ડરબનથી ચાર્લ્સટાઉન પહોંચવામાં એક દિવસનો વિલંબ થયો હતો એ સાચું, પણ એથી કરીને ટિકિટ રદ નહોતી થતી ; છતાં સિગરામવાળાએ બહાનું બતાવ્યું કે તમારી ટિકિટ રદ થઈ છે. રંગદ્વેષને કારણે ગોરાઓની સાથે એક કાળા મનુષ્યને બેસાડવો ન પડે એ માટેનું આ બહાનું હતું. છેવટે ગાંધીજીને લીધા તો ખરા પણ બહાર હાંકનારની પાસે બેસાડ્યા. આ અપમાન હતું, પણ સહન કર્યા વગર છૂટકો નહોતો. એ પછી ગાંધીજીને સ્થાને અંદર બેઠેલા સિગરામના ગોરા મુખીને બીડી પીવાની ઇચ્છા થઈ એટલે એણે ગાંધીજીને પગ રાખવાના પાટિયા પર બેસવા અને પોતાને ત્યાં બેસવા દેવા કહ્યું. આ અપમાન સહન કરવાની ગાંધીજીની તૈયારી નહોતી. એ અંદર જવા તૈયાર હતા પણ પેલાના પગ પાસે બેસવા તૈયાર નહોતા. એ સમયે આફ્રિકામાં કોઈ કાળો મનુષ્ય આવો પ્રતિકાર કરી શકે એ કોઈની કલ્પનામાં આવે એમ નહોતું. પેલો ગોરો મુખી ગાંધીજીને મારવા માંડ્યો ; બાવડું ઝાલીને ઘસડવા માંડ્યો. પણ ગાંધીજીએ સિગરામના સળિયા ઝાલી રાખ્યા. કોઈ પણ હિસાબે જગ્યા ન છોડવા મક્કમ નિર્ધાર કર્યો. છેવટે બીજા ઉતારુઓએ દરમિયાનગીરી કરી ત્યારે પેલો ઢીલો પડ્યો. આમ છતાં સ્ટૅંડરટન પહોંચી ખબર પાડી દેવાની ધમકી આપી. અલબત્ત, સ્ટૅંડરટન પહોંચી તેણે કશું કર્યું નહિ. સાવચેતી ખાતર ગાંધીજીએ ચિઠ્ઠી લખીને સિગરામ કંપનીના એજન્ટને ધમકીવાળી વાત જણાવી અને આગળની જોહાનિસબર્ગ સુધીની સિગરામની મુસાફરીમાં અંદર બીજા ઉતારુઓ સાથે જગ્યાની ખાતરી માગી. એજન્ટ તરફથી તેમને હૈયાધારણ મળી અને સ્ટૅંડરટનથી જોહાનિસબર્ગની સિગરામની મુસાફરી તેઓ નિર્વિઘ્ને કરી શક્યા.

સ્વાધ્યાય – ૧

૧. સિગરામવાળાએ ગાંધીજીને એમની ટિકિટ રદ થઈ છે એમ શાથી કહ્યું ?
૨. ગાંધીજીને એણે ક્યાં બેસાડ્યા ?
૩. ગાંધીજી સિગરામ હાંકનારની પાસે બેસવા કેમ તૈયાર થયા ?
૪. કઈ વસ્તુની એમણે મક્કમતાથી ના પાડી ?
૫. ગાંધીજીને માર મારનાર ગોરો મુખી ક્યારે ઢીલો પડ્યો ?
૬. ગાંધીજીની સ્ટૅંડરટન પછીની મુસાફરીમાં શો ફેર પડ્યો ? શાથી ?

૪.૫.૨ ખંડ : ૨

હોટેલ અંગેનો અનુભવ

ગાંધીજી સિગરામમાં જોહાનિસબર્ગ પહોંચ્યા ત્યારે લેવા આવેલા માણસની ઓળખાણ ન પડવાને કારણે એક હોટેલમાં ગયા. હોટેલવાળાએ, અલબત્ત, વિવેકથી, 'બધી કોટડીઓ ભરાઈ ગઈ છે અને જગ્યા નથી' — એવો જવાબ આપ્યો. એ પછી ગાંધીજી જ્યારે પોતાના યજમાનને ત્યાં પહોંચ્યા ત્યારે યજમાન અને બીજા હિંદીઓના કહેવા પરથી ખ્યાલ આવ્યો કે હોટેલમાં જગ્યા નહોતી એમ નહીં, પણ હોટેલમાં માત્ર ગોરાઓને જ ઊતરવા દેવાતા ; કાળાઓને નહીં.

સ્વાધ્યાય – ૨

૧. હોટેલમાં ઊતરવાની બાબતમાં ગાંધીજીને શો અનુભવ થયો ? શાથી ?
૨. ગાંધીજીને હોટેલમાં ઊતરવા અંગે થયેલા અનુભવ વિશે અબદુલ ગની શેઠે કેવો પ્રતિભાવ આપ્યો ?
૩. દક્ષિણ આફ્રિકામાં વસેલા હિંદીઓ ગોરાઓ દ્વારા થતાં અપમાનો શા માટે સહન કરી લેતા હતા ?

૪.૫.૩ ખંડ : ૩

રેલવેમાં પ્રથમ વર્ગની મુસાફરી

ગાંધીજી પ્રિટોરિયા પ્રથમ વર્ગમાં જ જવા માગતા હતા. એમણે સ્ટેશનમાસ્તર પર ચિઠ્ઠી મોકલીને જણાવ્યું કે પોતે બૅરિસ્ટર છે અને પહેલા વર્ગમાં જ મુસાફરી કરવા માગે છે, વળી પ્રિટોરિયા સમયસર પહોંચવું જરૂરી છે. સ્ટેશનમાસ્તર લેખિત જવાબમાં તો ના જ પાડશે એવી ખાતરી હતી એટલે રૂબરૂ ગયા. સ્ટેશનમાસ્તર ભલો હતો ; વળી હોલૅન્ડનો હતો એટલે એક હિંદી ઉતારુ માટે એને સહાનુભૂતિ હતી. તેણે ગાર્ડ વચ્ચેથી ઉતારી દે તો પોતાને સંડોવ્યા વગર ઊતરી જવું એ શરતે તેમને પ્રથમ વર્ગની ટિકિટ આપી. ટ્રેનમાં ગાર્ડ આવ્યો ને તેણે ગાંધીજીને ઊતરી જવા કહ્યું, પણ સહપ્રવાસી અંગ્રેજે ગાંધીજી પોતાની સાથે મુસાફરી કરે તેમાં પોતાને કશો વાંધો નથી એમ કહ્યું. એટલે ગાર્ડે નાછૂટકે ગાંધીજીને પ્રથમ વર્ગમાં મુસાફરી કરવા દીધી.

સ્વાધ્યાય – ૩

૧. પ્રિટોરિયા જવા બાબત ગાંધીજીએ કઈ વાતનો આગ્રહ રાખ્યો ?
૨. સ્ટેશનમાસ્તરે કઈ શરતે ગાંધીજીને પ્રથમ વર્ગની ટિકિટ આપી ?
૩. મુસાફરી દરમિયાન ગાંધીજીને શો અનુભવ થયો ?

૪.૬ વસ્તુલક્ષી કસોટી

સ્વાધ્યાય ÷ ૪ * *

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જે તે વિધાનને અંતે આપેલ ખાનામાં ખરા વિધાનને માટે ☑ અને ખોટા વિધાનને માટે ☒ નિશાની કરી જણાવો :

૧. ગાંધીજી સિગરામ હાંકનારની પાસે બેસવા તૈયાર ન થયા. ☐
૨. પગ રાખવાના પાટિયા પર બેસવું ગાંધીજીને અપમાનજનક લાગ્યું. ☐
૩. ગાંધીજીએ મૂંગે મોઢે માર સહન કર્યો એની અદ્‌ભુત અસર ગોરા મુખી પર થઈ અને તેણે માર મારવાનું બંધ કર્યું. ☐
૪. સ્ટૅંડરટનથી જોહાનિસબર્ગની સિગરામની મુસાફરીમાં ગાંધીજીને કોઈ મુશ્કેલી પડી નહી. ☐
૫. પોતાને હોટેલમાં ઊતરવા દે છે કે નહીં તેનું પારખું કરવા ગાંધીજી જોહાનિસબર્ગની હોટેલમાં ગયા. ☐
૬. હોટેલના મૅનેજરે ગાંધીજીનું અપમાન કરી તેમને ત્યાંથી કાઢી મૂક્યા.
૭. ગાંધીજી હોટેલમાં ન રહી શક્યા એનું અબદુલ ગની શેઠને ભારે આશ્ચર્ય થયું. ☐
૮. જોહાનિસબર્ગથી પ્રિટોરિયાની મુસાફરી રેલવેના પ્રથમ વર્ગમાં જ કરવી એવો ગાંધીજીનો આગ્રહ હતો. ☐
૯. જોહાનિસબર્ગનો સ્ટેશનમાસ્તર ગાંધીજી પ્રત્યે સમભાવવાળો હતો એટલે તેણે ગાંધીજીને પ્રથમ વર્ગની ટિકિટ આપી. ☐
૧૦. ટિકિટ તપાસવા આવેલા ગાર્ડની ગાંધીજીને પ્રથમ વર્ગમાં મુસાફરી કરવા દેવાની ઇચ્છા નહોતી. ☐

૪.૭ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(૧) નીચેનું વાક્ય વાંચો :

ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ પહોંચવાને સારુ તે કાળે ટ્રેન નહોતી, પણ ઘોડાનો સિગરામ હતો.

આપણે આજે સામાન્ય રીતે જ્યાં 'માટે' શબ્દનો પ્રયોગ કરીએ છીએ ત્યાં 'સારુ' શબ્દનો પ્રયોગ કરવાનું વલણ પણ પ્રચારમાં છે. ઉપરના વાક્યમાં 'સારુ' શબ્દની જગ્યાએ 'માટે' શબ્દ પણ વાપરી શકાય. 'સારુ'માં હ્રસ્વ 'રુ' છે અને તેના પર અનુસ્વાર નથી તે ધ્યાનમાં રાખો. 'રું' પર અનુસ્વારવાળો 'સારું' શબ્દ આવે ત્યારે એનો અર્થ 'સુંદર', 'મજાનું', 'શુભ', 'ભલું', 'સમસ્ત', 'ઠીક', 'ભલે' એવો થાય છે.

સ્વાધ્યાય – ૫ * *

નીચેનાં વાક્યોમાં યોગ્ય રીતે 'સારુ' કે 'સારું' શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :

૧. હું વાંચવા . . . . . દરરોજ અહીં આવું છું.
૨. મને વાંચવું . . . . . લાગે છે.
૩. એટલા . . . . . તમે તમારો આગ્રહ જતો ન કરશો.
૪. તમે મારે ત્યાં આવો તો . . . . . .
૫. પુત્રનું . . . . . થાય એ માટે પિતાએ બનતું બધું કર્યું.
૬. પુત્રને . . . . . પિતાએ બનતું બધું કર્યું.
૭. પૈસા કમાવા એ . . . . . છે.
૮. તમે એને મદદ કરી તે . . . . . કર્યું.
૯. શા . . . . . તમે મારી પાછળ પડ્યા છો ?

૨.(ક) નીચેનું વાક્ય વાંચો :

પણ મેં એ અપમાનને **પી જવું** યોગ્ય ધાર્યું.

અગાઉ આપણે રૂઢિપ્રયોગ વિશે જોયું છે. વાતને અસરકારક રીતે કહેવા માટે કેટલાક શબ્દપ્રયોગો ભાષામાં ચલણી બને છે. આવા પ્રયોગોની રૂઢિ કે રસમ બની જાય છે. તેથી આવા પ્રયોગો રૂઢિપ્રયોગો કહેવાય છે. એવા રૂઢિપ્રયોગો કેવળ શબ્દાર્થથી વિશેષ પ્રકારના હોય છે. ઉપરના વાક્યમાં 'પી જવું' રૂઢિપ્રયોગ છે. 'પી જવું' રૂઢિપ્રયોગના બે અર્થ છે : (૧) ન ગાંઠવું ; (૨) સહન કરવું.

અહીં વપરાયેલો રૂઢિપ્રયોગ કયા અર્થમાં વપરાયો છે તે કહો.

'પી જવું'ની જેમ 'ખાઈ જવું' એ પણ એક રૂઢિપ્રયોગ છે. તેના અર્થ છે : (૧) ભૂલવું અગર રહેવા દેવું ; (૨) ઉચાપત કરી જવું.

સ્વાધ્યાય – ૬ *

નીચેનાં વાક્યોમાં વપરાયેલ રૂઢિપ્રયોગના અર્થ નોંધો :

૧. કિશોર કવિતા ઉતારવામાં એક લીટી જ ખાઈ ગયો.
૨. એનાં કડવાં વેણ પી જવા સિવાય મારો છૂટકો નહોતો.
૩. મેં તેને ઘણો સમજાવ્યો, પણ તે મારી વાત પી ગયો.
૪. જોજો, લોકોએ વિશ્વાસથી આપેલા પૈસા ખવાઈ ન જાય.

(ખ) નીચેનું વાક્ય જુઓ :

મારી છાતી તો ધડકતી જ હતી.

'છાતી ધડકવી' એટલે ગભરાવું. શરીરનાં અંગોને લગતા ઘણા રૂઢિપ્રયોગો છે. એને લગતા નીચેના સ્વાધ્યાય કરો :

સ્વાધ્યાય – ૭ * *

નીચે 'છાતી' શબ્દ જેમાં આવતો હોય એવા રૂઢિપ્રયોગો અને સામે તેના અર્થો આડાઅવળા ક્રમમાં આપ્યા છે. જે તે રૂઢિપ્રયોગનો અર્થ તેની સામે લખો :

૧. છાતીએ બાંધવું.	૧. દમામથી ચાલવું.
૨. છાતી ઠોકીને કહેવું.	૨. દયા આવવી.
૩. છાતી પર પથ્થર મૂકવો.	૩. પાસે ને પાસે રાખવું.
૪. છાતી ચિરાઈ જવી.	૪. ગર્વ થવો.
૫. છાતી કાઢીને ચાલવું.	૫. હિંમતપૂર્વક સહન કરવું.
૬. છાતી ફૂલવી.	૬. ખૂબ દુઃખ થવું.
૭. છાતી પીગળવી.	૭. વિશ્વાસપૂર્વક કહેવું.

સ્વાધ્યાય – ૮

'આંખ' અને 'હાથ' ઉપરથી બનેલા પાંચ-પાંચ રૂઢિપ્રયોગો તેમના અર્થ સાથે આપો. એ રૂઢિપ્રયોગો વાક્યમાં પણ વાપરી બતાવો.

૩. નીચેનું વાક્ય વાંચો :

મેં બેઠકની પાસેના પિત્તળના સળિયા હતા તે **ઝોડની જેમ** પકડી રાખ્યા.

લેખકો પોતાની વાત અસરકારક રીતે કહેવા માટે અલંકારનો ઉપયોગ કરે છે તે આપણે અગાઉ જોઈ ગયા. ઉપરના વાક્યમાં લેખકે 'મેં બેઠકની પાસેના પિત્તળના સળિયા હતા તે પકડી

રાખ્યા' એમ કહ્યું હોત તો ? તો લેખકની વાત અસરકારક ન બનત એમ તમને લાગે છે ? ઝોડ એટલે એક જાતનું ભૂત. 'ભૂત કોઈને સખત રીતે વળગે — પકડે એમ મેં સળિયા પકડી રાખ્યા' — એમ કહેવાથી આપણી નજર સમક્ષ સળિયાને અત્યંત મજબૂત રીતે પકડી રાખ્યાનું ચિત્ર ખડું થાય છે. પોતાને ઝોડની સાથે સરખાવીને — ઝોડની ઉપમા આપીને લેખકે સળિયા પકડવાની ક્રિયા કેવી હતી તે દર્શાવ્યું છે. આમ અહીં ઉપમા અલંકાર વાપરવામાં આવ્યો છે. અગાઉ 'જક્ષણી' પાઠમાં આ અલંકાર તમે શીખી ગયાં છો. જેને ઉપમા આપી હોય તેને **ઉપમેય,** જેની ઉપમા આપવામાં આવી હોય તે 'ઉપમાન' અને જે બાબતનું સરખાપણું હોય તેને **'સાધારણધર્મ'** કે **'સાધર્મ્ય'** કહેવામાં આવે છે એ તમને યાદ હશે. સાધારણધર્મનો સીધો ઉલ્લેખ ઉપમા અલંકારમાં હંમેશાં હોય જ એવું નહિ ; જેમ કે, પાઠમાંથી ટાંકેલા ઉપર્યુક્ત વાક્યમાં સાધારણધર્મનો સીધો ઉલ્લેખ નથી. તે સૂચિત કે વ્યંજિત છે.

સ્વાધ્યાય – ૯ * *

નીચેનાં ઉપમા અલંકારનાં ઉદાહરણોમાંથી ઉપમેય તથા ઉપમાન તારવી બતાવો. જો સાધારણધર્મનો ઉલ્લેખ હોય તો તે નોંધો ; ન હોય તો ન હોવાની નોંધ કરો :

૧. જાતવાન પદમડી ચોમાસાના પાણીની માફક આગળ વધતી ગઈ.
૨. સ્વામી વિવેકાનંદ શક્તિના ધોધ જેવા હતા.
૩. રેતી પણ કેવી સમુદ્રનાં મોજાંની જેમ ચમકી રહી છે!
૪. તેની આંખો લીંબુની ફાડ જેવી મોટી હતી.
૫. વીજળી જેવી ચિતોડની સાંઢણીને પણ આ ઘોડા આંબવા નહિ દે.

૪.૮ પુનરવલોકન

સ્વાધ્યાય – ૧૦ *

આપણે અનુકૂળતા ખાતર પાઠને ત્રણ ભાગમાં વહેંચીને તેનો અભ્યાસ કર્યો. તે ઉપરાંત તે ભાષાસામગ્રી પણ જોઈ ગયા. હવે સમગ્ર પાઠને આવરી લેતા નીચેના પ્રશ્નોના જવાબો આપો :

(૧) સિગરામમાં ગાંધીજી પર શું વીત્યું ?
(૨) સિગરામમાં વેઠવા પડેલા અપમાનનો પ્રતિકાર ગાંધીજીએ કઈ રીતે કર્યો ?
(૩) જોહાનિસબર્ગમાં ગાંધીજીને હોટેલમાં પ્રવેશ કેમ ન મળ્યો ?
(૪) પ્રિટોરિયા પહોંચવા માટે ગાંધીજીએ રેલવેના પ્રથમ વર્ગની ટિકિટ કેવી રીતે મેળવી ?
(૫) ડરબનથી ચાર્લ્સટાઉન જતાં ગાંધીજીને જે અનુભવ થયેલો (પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં ડબ્બામાંથી ઉતારી મૂકવામાં આવેલા) * – તેનું પુનરાવર્તન આ મુસાફરીમાં કેમ ન થયું ?
(૬) દક્ષિણ આફ્રિકાના અન્ય હિંદીઓ જે અપમાનો વર્ષોથી સહન કરતા હતા તે અપમાનો ગાંધીજીથી એક વાર પણ કેમ સહન ન થયાં ? આમાં ગાંધીજીના વ્યક્તિત્વની કઈ વિશેષતા પ્રગટ થતી જણાય છે ?
(૭) આ પ્રકરણમાં ગાંધીજીનું સત્યાગ્રહી તરીકેનું વ્યક્તિત્વ કેવું ઊપસે છે તે જણાવો.
(૮) ગાંધીજીની ગદ્યશૈલી તમને ગમે છે ? શા માટે ?

૪.૯ લેખનકાર્ય

સ્વાધ્યાય – ૧૧ *

તમે તમારા જીવનના કોઈ વિલક્ષણ બનાવને ખ્યાલમાં રાખીને એક લેખ તૈયાર કરો.

* જુઓ પાઠની પ્રસ્તાવના.

૪.૧૦ વિશેષ અધ્યયન

૪.૧૦.૧ કર્તા-પરિચય

ગાંધીજી વીસમી સદીના ભારતના જ નહીં વિશ્વના પણ એક મહાપુરુષ લેખાયા છે. તેમનું આખું નામ મોહનદાસ કરમચંદ ગાંધી. જન્મ ૨, ઑક્ટોબર ૧૮૬૯. મૃત્યુ ૩૦, જાન્યુઆરી ૧૯૪૮. તેમણે સત્યાગ્રહી તરીકે જીવનભર કાર્ય કરી ભારતને આઝાદ — આબાદ બનાવવાની એવી મહાન સાધના કરી કે જેમાં સમગ્ર વિશ્વનું કલ્યાણ પણ સમાયું હતું. ગાંધીજીએ પોતે અલ્પાત્મામાંથી મહાત્મા કઈ રીતે બન્યા તેની પ્રક્રિયાનું દર્શન કરાવતી 'સત્યના પ્રયોગો' નામે આત્મકથા આપી. તે ઉપરાંત તેમણે 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ', 'હિન્દ સ્વરાજ', 'મંગળ પ્રભાત' આદિ અનેક ગ્રંથો લખ્યા છે. ગુજરાતી નિબંધ તેમ જ પત્રસાહિત્યમાં તેમનું અગત્યનું પ્રદાન છે. ગુજરાતી ભાષા-સાહિત્યના ઘડતરમાં તેમનો જે પ્રત્યક્ષ-પરોક્ષ ફાળો રહ્યો છે તે મહત્ત્વનો છે. તેમની ગદ્યશૈલીમાં ગુજરાતી ભાષાની સિદ્ધિ જોઈ શકાશે.

૪.૧૦.૨ સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત કૃતિ ગાંધીજીના આત્મચરિત્રનું એક પ્રકરણ છે. આત્મચરિત્રમાં એનો લેખક પોતે જ અનિવાર્યતયા એનો વિષય હોય છે. લેખકની સત્યનિષ્ઠા, એની સમ્યક્ સમજદારી, જીવનવિવેક, વર્ણનશક્તિ વગેરે આત્મચરિત્રની — આત્મકથાની પ્રમાણભૂત અને આકર્ષક રજૂઆત માટે જરૂરી છે. આત્મચરિત્રમાં એવા અનુભવોની — એવી ઘટનાવસ્તુની રજૂઆત જોઈએ જે જીવનના રહસ્યનું, એના સત્યનું સમ્યગ્ અને પ્રેરણાદાયી દર્શન કરાવી શકે. આ સંદર્ભમાં ગાંધીજીની આત્મકથા ધ્યાનાર્હ છે. એમાં ગાંધીજીની લેશ પણ અહંવૃત્તિ જોવા મળતી નથી ; બલકે એમની સત્યવૃત્તિનું માર્મિક દર્શન થાય છે. ગુજરાતી આત્મચરિત્રના સાહિત્યમાં નર્મદ, નારાયણ હેમચંદ્ર, મણિલાલ ન. દ્વિવેદી વગેરેનાં આત્મચરિત્રો પછી આ આત્મચરિત્ર આપણને મળે છે, જે સત્યના નિરૂપણની દૃષ્ટિએ ઘણું આકર્ષક છે.

૪.૧૦.૩ વિશેષ વાચન

તમે ગુજરાતી આત્મચરિત્ર-સાહિત્યના વિકાસનો ઈતિહાસ જાણો. ગુજરાતી આત્મચરિત્ર-સાહિત્યમાં નર્મદ, નારાયણ હેમચંદ્ર, મણિલાલ ન. દ્વિવેદી ઉપરાંત ક. મા. મુનશી, ચંદ્રવદન મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક, સ્નેહરશ્મિ આદિ મહાનુભાવોનાં આત્મચરિત્રોનો અભ્યાસ કરો. ભારતના અને વિશ્વનાં મહાન આત્મચરિત્રોના સંદર્ભમાં પણ ગાંધીજીની 'આત્મકથા'નો અભ્યાસ કરવા જેવો છે. તમે આ સંદર્ભમાં ગાંધીજીનો 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ', પ્રભુદાસ ગાંધીકૃત 'જીવનનું પરોઢ', રાવજીભાઈ મણિભાઈ પટેલકૃત 'ગાંધીજીની સાધના' તથા ચંદુલાલ ભગુભાઈ દલાલકૃત 'ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત ભાગ : ૧-૫' વાંચો.

ટિપ્પણ

સિગરામ ન. એક વાહન ; **કુલી** પું. મજૂર ; **મુખી** પું. અગ્રેસર ; **બળજોરી** સ્ત્રી. જબરદસ્તી ; **કોચવાવું** અ. ક્રિ. દુભાવું ; **તમાચાનો વરસાદ વરસવો** — ખૂબ માર પડવો ; **ઝોડની જેમ** — ભૂતપિશાચાદિની જેમ ; **છાતી ધડકવી** — શંકાથી હૃદય ભયભીત બનવું ; **વહાર કરવી** — સહાયતા કરવી ; **વાણોતર** પું. ગુમાસ્તો, કારકુન, મહેતો ; **હાલાકી** સ્ત્રી. હેરાનગતિ ; **પેચ હોવો** – યુક્તિ હોવી ; **સંડોવવું** સ. ક્રિ. સામેલ કરવું, સપડાવવું ; **સાંગોપાંગ** અ. અંગઉપાંગ સહિત ; **ધાસ્તી** સ્ત્રી. દહેશત, ડર.